# ૧૭ ઓગષ્ટ –૨૦૧૬ (મંગળવાર)

**(૧) બિહારમાં જીએસટી બિલ પસાર**

- આસામ બાદ બિહાર વિધાનસભાએ પણ જીએસટી બિલ પસાર કર્યુ.
- બિહાર સરકારે ખાસ સત્ર બોલાવી ખરડાને સમર્થન આપ્યું.
- બિહાર મુખ્યમંત્રી : નિતીશ કુમાર

**(૨) ચીને દુનિયાનો સૌપ્રથમ હેકપ્રુફ સેટેલાઇટ લોન્ચ કર્યો :**

- ચીને દુનિયાનો પ્રથમ હેડપ્રુફ ક્વાંટમાં સેટેલાઇટ લોન્ચ કર્યા.
- ચીનના દાવા પ્રમાણે આનાથી મોકલનારા મેસેજને ડીકોડ નહીં કરી શકાય.
- ચીને આ સેટેલાઇટનું દનામ 'મિસિઅસ' રાખ્યું છે. મિસિઅસ પાંચમી સદીના ચીનના મહાન ફિલોસોફર અને વિજ્ઞાની રહ્યા હતા.
- આ સેટેલાઇટથી ચીને અમેરિકા અને જાપાનને પણ પાછળ છોડ્યાનો દાવો કર્યો છે.

**(૩) ઉસેન બોલ્ટ : જમૈકન એથ્લિટ**

- જમૈકાના મહાન દોડવીર ઉસેન બોલ્ટે રિયો ઓલિમ્પિકની ૧૦૦ મીટર સ્પર્ધા જીતી લઇ સતત ત્રીજી વખત ગોલ્ડ મેડલ જીત્યો છે.
- બોલ્ટ આ પહેલા ૧૦૦ મીટર સ્પર્ધામાં ૨૦૦૮માં બેઇજીંગ ઓલિમ્પિક અને ૨૦૧૨ લંડન ઓલિમ્પિકમાં ગોલ્ડ મેળવી ચૂક્યો હતો.

**(૪) રાજ્યમાં સાતમા પગારપંચનો અમલ :**

- નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે જાહેરાત કરી કે ચાલુ મહિનાના અંતે સરકારી કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મળશે.
- કેન્દ્રના ધોરણે જ ગુજરાતમાં પણ ૭મું પગારપંચ ૧ જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ લાગુ પડશે અને કર્મચારીઓને એરિયર્સ પણ ચુકવાશે.

**(૫) નેશનલ એલિસબ્રિલિટી એન્ટ્રસ્ટ પરિણામ :**

- મેડિકલ માટે લેવાયેલી નીટ–૧ અને નીટ–૨નું પરિણામ જાહેર થયું.
- આ પરિણામ મુજબ ગુજરાતનો નડિયાદનો હેત શાહ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવ્યો છે.

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧